વર્ષમાં સબસિડીવાળા ૯ સિલિન્ડર જ મળશે

કેબિનેટની બેઠકમાં નિર્ણય : ડિઝલની કિંમતમાં પણ એક સપ્તાહમાં જ વધારો ઝીંકાશે

નવી દિલ્હી,તા. ૧૭

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને આજે મોટી રાહત મળી હતી કારણ કે સબસિડીવાળા અથવા તો સસ્તા ગેસ સિલિન્ડરોની મર્યાદા વાર્ષિક છથી વધારીને નવ કરવાનો નિર્ણય સરકારે આજે કર્યો હતો. રાંધણગેસ ઉપર નવી મર્યાદા પહેલી એપ્રિલથી અમલી બનાવવામાં આવશે. જો કે એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ પણ વધારો કરવામાં આવ્યો નથી.પેટ્રોલિયમ પ્રધાન એમ વીરપ્પા મોઈલીએ આજે આ મુજબની જાહેરાત કરી હતી. સાથે સાથે સમય સમયે ડિઝલની કિંમત વધારવા ઓઈલ કંપનીઓને મંજુરી આપી હતી આનો મતલબ એ થયો કે ડિઝલની કિંમતને પણ આંશિકરીતે અંકુશમુક્ત કરવામાં આવી છે. ડિઝલની કિંમતમાં પણ ભાવ વધારો નિશ્ચિત દેખાઈ રહ્યો છે. એક સપ્તાહની અંદર ડિઝલની કિંમતમાં વધારો કરવામાં આવી શકે છે. પેટ્રોલિયમ પ્રધાન વીરપ્પા મોઈલીએ રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યુંહતુ કે તમામ બાબતો પર વિચારણા કરવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. એક પરિવારને વાર્ષિક છ સબસિડીવાળા સિલિન્ડર આપવાના અગાઉના નિર્ણય બાદ દેશભરમાં ભારે હોબાળો થયો હતો. લોકો આ નિર્ણયને લઈને શેરીઓમાં આવી ગયા હતા અને સરકાર ઉપર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો.

ઉંચી મર્યાદા મુકવામાં આવ્યા બાદ ગ્રાહકો હવે સસ્તા સિલિન્ડર ખરીદી શકશે. ગયા વર્ષે જ્યારે ૧૪મી સપ્ટેમ્બરના દિવસે મર્યાદા લાદવામાં આવી ત્યારે અને આ વર્ષે ૩૧મી માર્ચ વચ્ચેના ગાળામાં પાંચ સસ્તા સિલિન્ડર ખરીદી શકશે. આ ગાળા દરમિયાન અગાઉ ત્રણ સિલિન્ડર ખરીદવાની વાત હતી. ડિઝલ અંગે નિર્ણય આંશિકરીતે આગામી સપ્તાહમાં લેવામાં આવે તેવી શક્યતા છે. જો કે ડિઝલની કિંમતમાં પણ ભાવ વધારો નિશ્ચિત દેખાઈ રહ્યો છે. સબસિડીવાળા ગેસ સિલિન્ડરો પર મર્યાદાને વધારી દેવામાં આવતા ગ્રાહકોને મોટી રાહત થઈ છે કારણ કે કિંમતમાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. રિટેલર્સને ડિઝલની મામલે આશિંક સ્વતંત્રતા મળી ગઈ છે. જૂન ૨૦૧૦માં પેટ્રોલની કિંમતને અંકુશમુક્ત કરવામાં આવી હતી. સીસીપીએની બેઠક બાદ મોઈલીએ કહ્યુ હતુ કે સરકાર સબસિડીના રેટ પર આગળ વધશે. વર્તમાન સ્થિતિમાં સરકારને ભારે નુકસાન થઈ રહ્યુ હતુ. સરકારને હાલ ભારે નુકસાન થઈ રહ્યુ છે. તેલ કંપનીઓ એક સપ્તાહની અંદર ડિઝલની કિંમતમાં વધારો ઝીંકી શકે છે. યુપીએ સરકારે આજે ડિઝલની કિંમતને આંશિકરીતે અંકુશમુક્ત કરી હતી જેથી ડિઝલની કિંમત ઓઈલ માર્કેટિંગ કંપનીઓદ્વારા નક્કી કરવામાં આવશે. માર્કેટની પરિસ્થિતિ મુજબ સમય સમયેડિઝલમાંફેરફાર કરવાની સત્તા ઓએમસીને અપાઈ છે. જો કે કિંમતમાં ફેરફાર ઓછા કદમાં રહેશે. મોઈલીએ કહ્યુ હતુ કે ઓઈલ કંપનીઓને સમય સમયે નાના પ્રમાણમાં ડિઝલની કિંમત વધારવાની મંજુરી અપાઈ છે. તેઓ ફ્યુઅલ ઉપર થઈ રહેલા લીટરદીઠ રૂપિયા ૯.૬૦ના નુકસાનને કવર કરવા સુધી વધારો કરી શકશે.

ડિઝલ સબસિડી બોજ ૯૪૦૦૦ કરોડ

સસ્તા ગેસ સિલિન્ડરો પર મર્યાદા વધારવામાં આવ્યા બાદ એક બાજુ સામાન્ય લોકોને મોટી રાહત થઈ છે પરંતુ સરકાર ઉપર બોજ વધી ગયો છે. સસ્તા ગેસ ઉપર મર્યાદા વધવાથી સરકાર સબસિડીરૂપે વધુ ૯૩૦૦ કરોડ રૂપિયાનો બોજ ઉપાડશે. તેમણે ઉમેર્યુ હતુ કે ડિઝલ પર સબસિડી બોજ ૯૪૦૦૦ કરોડની આસપાસ પહોંચ્યો છે. કેરોસિન સાથે ગણવામાં આવે તો કુલ ફ્યુઅલ સબસિડી બિલ આ નાણાંકીય વર્ષમાં ૧૬૦૦૦૦ કરોડ સુધી પહોંચ્યુ છે.

સમાચાર ઝલક

- કે.વાય.સી. પ્રક્રિયા પૂરી નહીં કરનારા એક કરોડ ગ્રાહકોને સબસીડીવાળા સિલિન્ડર નહીં આપવા આદેશ.
- પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં મોટી સંખ્યામાં ચીની સૈનિકો.
- રેસ્ટોરાં, કાફેટેરિયાએ ફેબ્રુઆરી માસથી નવા લાઇસન્સ મેળવવા પડશે.
- કોડીનાર નજીક દીવથી વિદેશી દારૂની ખેપ મારતી બોટ ઝડપાઇ, ૭ વ્યક્તિઓની ધરપકડ.
- અંકુશરેખા પર વિસ્ફોટક પરિસ્થિતિ : યુધ્ધના ઘેરાં વાદળ.
- બાળ સંરક્ષણ ગૃહમાં ઉછરેલું ફૂલ 'અમર' વિદેશમાં ખીલ્યું. સ્વગૃહને યાદ કર્યાં.
- સૌરાષ્ટ્ર-કચ્છમાં અજાયબી, માવઠું, ધરતીકંપ અને ઠંડીનો એકજ દિવસમાં બનાવ.
- લગ્ન કરેલાં છે? તો વાહન વીમા પ્રિમીયમમાં રાહત.
- અફઘાનિસ્તાનની ગુપ્તચર વિભાગની કચેરીમાં પ્રચંડ બોમ્બ ધડાકો.
- મહાકુંભના મેળામાં ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટીએ ડુબકી લગાવી.
- પ્રજાસત્તાદ દિને બી.એસ.એન.એલ.ની સ્પેશિયલ સ્કીમ.
- નરેન્દ્રભાઇ મોદીને લાખોની મિલકતના વારસદાર તરીકે નિમતા રાજકોટના વકીલ મીરાબેન રાવલ.
- મનસ્વી રીતે ફી કે ડોનેશન લેતી શાળાઓની માન્યતા રદ્દ કરાશે.

ભેલ કંપનીને ટૂંક સમયમાં મહારત્નનો દરજ્જો અપાશે

સૌરઉર્જા જેવા નવા બિઝનેસ ક્ષેત્રોમાં આગળ વધવા ભારત હેવી ઈલેક્ટ્રીકલ્સ લિમિટેડને ખાસ સૂચન કરવામાં આવ્યું

મુંબઈ,તા. ૧૭

ભેલને ટૂંક સમયમાં જ મહારત્નનો દરજ્જો આપવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. કેબિનેટ સચિવના નેતૃત્વમાં કમિટીએ ભારત હેવી ઈલેક્ટ્રીકલ્સ લિમિટેડ માટે મહારત્નનો દરજ્જો નક્કી કરવાની દરખાસ્તને મંજુરી આપી દીધી છે. ભારે ઉદ્યોગ અને જાહેર ઉદ્યોગ સાહસી પ્રધાન પ્રફુલ પટેલ દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી.

તેમણે કહ્યુ હતુ કે ભેલના વેપારી કારોબાર ઉપર નજર રાખવામાં આવી રહી છે. દેશના જુદા જુદા ભાગોમાં આ કંપની ૪૮૦૦૦ના ટેકનિકલ અને અન્ય વર્કરો ધરાવે છે. દેશમાં સૌથી મોટી કંપનીઓ પૈકીની એક તરીકે આની ગણતરી કરવામાં આવે છે. નવા બિઝનેસ ખાસ કરીને સૌર ઉર્જા જેવા ક્ષેત્રોમાં વિકાસની તક શોધી કાઢવા માટે ભેલને સૂચન કરવામાં આવ્યુંછે. દેશના વિકાસમાં આ કંપનીની મહત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે. વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ કંપનીઓ પૈકીની એક તરીકે આને ગણવામાં આવે છે. પ્રધાને વિશ્વાસ વ્યક્ત કર્યો

દિલ્હી ગેંગ રેપ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાન્સફર

નવી દિલ્હી,તા. ૧૭

સમગ્ર દેશમાં ભારે હાહાકાર મચાવનાર પેરા મેડિકલની વિદ્યાર્થિની પર ગેંગ રેપના મામલાને હવે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાન્સફર કરી દેવામાં આવ્યો છે. ફાસ્ટ ટ્રેક કોર્ટમાં આ કેસને ટ્રાન્સફર કરવામાં આવ્યા બાદ વધુ ઝડપથી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. સાકેતમાં મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટ નમરિતા અગ્રવાલ દ્વારા આ કેસને એડિશનલ સેશન જજ યોગેશ ખન્નાની કોર્ટમાં ટ્રાન્સફર કરી દેવામાં આવ્યો હતો. ૧૬મી ડિસેમ્બરના દિવસે બનેલા ગેંગ રેપના કેસમાં ચાર્જશીટની સાથે દાખલ કરવામાં આવેલા દસ્તાવેજોની ચકાસણી પરિપૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ નમરિતાએ આ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાન્સફર કરી લીધો હતો. આ કેસમાં સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટ ૨૧મી જાન્યુઆરીના દિવસે હાથ ધરશે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં મહિલાઓ સામે ગુનાઓ દિન પ્રતિદિન વધી રહ્યા છે. આવા ગુનાઓના ઉપરજતા ગ્રાફ વચ્ચે ૧૬મી ડિસેમ્બરના દિવસે મોડી રાત્રે ચાલતી બસમાં પેરા મેડિકલની ૨૩ વર્ષિય વિદ્યાર્થિની પર છ શખ્સો દ્વારા બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો આ ઉપરાંત તેને નિર્દયરીતે માર પણ મારવામાં આવ્યો હતો. આ કૃત્ય બાદ તેને અને તેની સાથે રહેલા પુરુષ મિત્રને બસમાંથી ફેંકી દેવામાં આવ્યા હતા. બંનેને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સફદરજંગ હોસ્પિટલમાં કેટલાક દિવસ સુધી જીવન-મરણ વચ્ચે રહ્યા બાદ વધુ સારવાર માટે આ યુવતીને સિંગાપોરની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તેનું મોડેથી મોત થયુ હતુ. આ બનાવને લઈને દેશભરમાં આક્રોશનું મોજુ ફરી વળ્યુ હતુ જેને લઈને આખરે સરકાર ઉપર દબાણ આવ્યુ હતુ અને મહિલાઓની સુરક્ષા વધુ મજબુત કરવા દેશભરમાં પગલા લેવામાં આવ્યા હતા. આ કેસને આગળ વધારવા આ મહિનાની શરૂઆતમાં જ ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવી હતી. આ કેસના સંબંધમાં પાંચ આરોપી બસ ડ્રાઈવર રામસિંહ, તેના ભાઈ મુકેશ, વિનય શર્મા, પવનગુપ્તા અને અક્ષય સિંહ હાલ જેલનમાં છે જ્યારે છઠ્ઠો આરોપી નાનો હોવાથી જુએનઆઈ જસ્ટિસ બોર્ડના સકંજામાં છે. સિંગાપોરની હોસ્પિટલમાં આ યુવતીનું ૨૯મી ડિસેમ્બરના દિવસે મોત થયુ હતુ. બનાવને બન્યાને એક મહિનાનો સમય થઈ ગયો છે. ન્યાયનો ઈન્તજાર થઈ રહ્યો છે. ગઈકાલે પણ દેશભરમાં ગેંગ રેપનો શિકાર યુવતીને શ્રદ્ધાંજલિ આપવા દેખાવ કાર્યક્રમો યોજાયા હતા. મહિલાઓ માટે સુરક્ષાની માંગ કરવામાં આવી હતી. દિલ્હી ગેંગ રેપને લઈને હજુ પણ વ્યાપક દેખાવો કરવામાં આવી રહ્યા છે.

સંપત્તિ પ્રકરણ : જગનની રિમાન્ડ અવધિ વધારાઈ

હૈદરાબાદ,તા. ૧૭

ખાસ સીબીઆઈ અદાલતે આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસના સંબંધમાં વાયએસઆર કોંગ્રેસના પ્રમુખ વાયએસ જગનમોહન રેડ્ડી અને અન્ય આરોપીઓના જ્યુડિશિયલ રિમાન્ડને ૩૧મી જાન્યુઆરી સુધી લંબાવી દીધા હતા.

જગનની સાથે અન્ય જે આરોપીઓ છે તેમાં ભૂતપૂર્વ પ્રધાન મોપીદેવી, વેંકટ રમનના રાવ, ઉદ્યોગપતિ એન પ્રસાદ અને વરિષ્ઠ અધિકારી કેવી બ્રહ્માનંદ રેડ્ડીનો સમાવેશ થાય છે. આ તમામ હાલ ચંચલગુડાની જેલમાં છે. તેમને વીડિયો કોન્ફરન્સીંગ મારફતે કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા ત્યાર બાદ તેમની જ્યુડિશિયલ કસ્ટડીની અવધિ વધુ ૧૪ દિવસ લંબાવી દેવામાં આવી હતી. ગયા વર્ષે ૨૭મી મેના દિવસે ભ્રષ્ટાચારના આરોપોના આધાર પર સીબીઆઈ દ્વારા રેડ્ડીની ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે કર્ણાટકના ભૂતપૂર્વ પ્રધાન ગલી જનાર્દન રેડ્ડી, તેમના સંબંધી બીવીશ્રિનિવાસ રેડ્ડીના જ્યુડિશિયલ રિમાન્ડ પણ વધારી દીધા હતા. આ તમામ ગેરકાયદે માઈનિંગ કેસમાં આરોપી છે. ચંચલગુડાની જેલમાં રહેલા માઈનિંગ સમ્રાટને બેલ્લારી લઈ જવામાં આવનાર છે. બેલ્લારી કોર્ટે આદેશ કર્યો છે કે જનાર્દન રેડ્ડીને ૧૮મી જાન્યુઆરીના દિવસે કોર્ટ સમક્ષ હાજર કરવા પડશે.

એલઓસી હુમલાખોરોને સજા કરવા અને ભૂલ સ્વીકારવા પાકને સૂચન

પાકિસ્તાનના વિદેશ પ્રધાનની ઓફર બાદ માહિતી અને પ્રસારણ પ્રધાન તિવારીની સ્પષ્ટ પ્રતિક્રિયા : અમાનવીય કૃત્યો ચાલશે નહીં

નવી દિલ્હી, તા.૧૭

માહિતી અને પ્રસારણ પ્રધાન મનિષ તિવારીએ આજે કહ્યુ હતુ કે પાકિસ્તાન સરકારને જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લાના માનધેર સેક્ટરમાં અંકુશરેખા પર ભારતીય જવાનો પર અમાનવીય હુમલા બદલ તેની ભૂલ સ્વીકારવી જોઈએ સાથે સાથે આ હુમલા માટે જવાબદાર લોકોને સજા કરવી જોઈએ. મનિષ તિવારીએ ભૂલ સુધારીને એલઓસી હુમલાખોરોને સજા આપવા પાકિસ્તાનને આજે સૂચન કર્યુ હતુ. તેમના ભારતીય સમકક્ષ સલમાન ખુરશીદ સાથે ચર્ચા અને મંત્રણા કરવા પાકિસ્તાનના વિદેશ પ્રધાન હિના રબ્બાનીખારની ઓફર અંગે જવાબ આપતા કહ્યુ હતુ કે જે સમસ્યાનો ઉકેલ લાવવાની જરૂર છે તે પાકિસ્તાની સશસ્ત્રદળોના અમાવીય વર્તનની છે. તિવારીએ કહ્યુ હતુ કે ભૂલ સ્વીકારીને એલઓસી હુમલાખોરને સજા કરવાની જરૂર છે. ભારતીય લીડરશીપ સાફ શબ્દોમાં કહી ચુકી છે કે ભારતીય જવાનો પર અમાનવીય હુમલાના અનુસંધાનમાં પાકિસ્તાન સાથે કોઈ પણ રીતે વાતચીત આગળ વધી શકે નહીં. ભારતે કઠોર વલણ અપનાવતા પાકિસ્તાને ઝુકી જઈને અંકુશરેખાનું સન્માન જાળવી રાખવા અને શાંતિ જાળવી રાખવાની વાત કરી હતી અને વાતચીતની ઓફર પણ કરી હતી.

નિયંત્રણ રેખાને લઈને પાકિસ્તાનના બદલાયેલા સ્વભાવ પર પણ ભારત સન્ન છે. ભારત સરકારે હિના રબ્બાની ખારની વાતચીત વાળી રજૂઆત પર સાફ-સાફ કહ્યું છે કે, વાતચીત ત્યારે જ શક્ય છે, જ્યારે પાકિસ્તાન એવું માનસે કે તેમનાથી ભૂલ થઈ છે.

આટલું જ નહિ, ભારત સરકારના સૂચના પ્રસારણ મંત્રી મનીષ તિવારીએ પાકિસ્તાનને ફરી એકવાર સમગ્ર બનાવની ગંભીરતાને સમજવાની કોશિશ માટે હિમાયત કરી છે અને કહ્યું છે કે, નિયંત્રણ રેખાને ઓળંગનાર દોષિતો પર કાર્યવાહી વગર સંબંધ સુધારવાની શક્યતા નથી. બીજી બાજુ નિયંત્રણ રેખા પર સંઘર્ષ બાદપાકિસ્તાનના તેવર અચાનક બદલાય ગયા છે. પહેલા પાકિસ્તાનના ડીજીએમઓએ પોતાના ફોજીઓને સંયમ રાખવાની હિમાયત કરી. હવે વિદેશ મંત્રી હિના રબ્બાની ખારે સલમાન ખુર્શીદ સાથે વાતચીત માટેની રજૂઆત કરી છે. સૂત્રોં દ્વારા મળેલી ખબર અનુસાર હિના રબ્બાનીની રજૂઆત પર ભારત સરકાર ગંભીરતાથી વિચારણા કરી રહી છે. સૂત્રોંના અનુસાર કેબિનેટ મિટીંગમાં પાકિસ્તાનની રજૂઆત પર વિદેશમંત્રી સલમાન ખુર્શીદ કેબિનેટ મિટીંગમાં માહિતી આપશે અને આમાં તેમના વિભિન્ન મુદ્દા પર ચર્ચા થશે.

સલમાન ખુરશીદનો ખુલાસો

પાક સાથે વાતચીત અંગે વડાપ્રધાન નિર્ણય કરશે

પાકિસ્તાનના વિદેશ પ્રધાન હિના રબ્બાની ખારની એલઓસી પર કટોકટીને ઉકેલવા માટે વાતચીત માટે કરવામાં આવેલી ઓફર બાદ વિદેશ પ્રધાન સલમાન ખુરશીદે આજે કહ્યુ હતુ કે વાતચીત શરૂ કરવા અંગે વડાપ્રધાન મનમોહનસિંહ નિર્ણય કરશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલમાં મંત્રણા ભાંગી પડી છે. ખુરશીદે એક અગ્રણી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે મતભેદોને ઉકેલી લેવામાં આવશે. સાવધાનીપૂર્વક આગળ વધવાની જરૂર છે. પાકિસ્તાને નવા વર્ષમાં પણ અનેક વખત યુદ્ધવિરામનો ભંગ કરીને ભારત માટે નવી સમસ્યા ઉભી કરી દીધી છે. અંકુશરેખા પર બે ભારતીય જવાનોની ઘાતકી હત્યા કરી દેવામાં આવ્યા બાદ ફરી એકવાર વિસ્ફોટક સ્થિતિ ઉભી થઈ ગઈ હતી. સમગ્ર વિશ્વએ આની ગંભીર નોંધ લઈને સંયમની વાત કરી હતી.

ફિલ્મોમાં ધ્રુમપાન પરનાં નિયમોની સમીક્ષા કરાશે

નવીદિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે ફિલ્મોમાં ધ્રુમપાનનાં દૃશ્યો અને તમાકુ વિરોધી વિજ્ઞાપનો ઉપર કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલાં દિશા-નિર્દેશોને ધ્યાનમાં લેતા ફિલ્મકાર મહેશ ભટ્ટને નવી અરજી દાખલ કરવા માટે જણાવ્યું છે. આ સંબંધમાં કેન્દ્ર સરકારનાં અગાઉનાં દિશા-નિર્દેશોની સમીક્ષા કરી રહેલી જસ્ટીસ પી.સતશિવમની બેંચે વાંધાજનક દૃશ્યો પરની કેન્દ્રની નવી અધિસૂચનાને પણ સામેલ કરવાનો પણ નિર્ણય કર્યો છે. બેંચે આ માટે મહેશ ભટ્ટને નવી અરજી દાખલ કરવા માટે કહ્યું છે. ઉલ્લેખનીય છે કે, મહેશ ભટ્ટે સરકારી નિયમોને અદાલતમાં પડકાર્યા હતાં. બેંચે જણાવ્યું છે કે, મહેશ ભટ્ટની અરજી મળતાં તેઓ કેન્દ્ર સરકાર દ્વારા જારી કરવામાં આવેલ ધ્રુમપાન અને તમાકુ વિરોધી વિજ્ઞાપનો પરનાં દિશા-નિર્દેશોની સમીક્ષા કરશે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૨નાં રોજ બહાર પાડવામાં આવેલ નવી માર્ગદર્શિકામાં પ્રત્યેક ફિલ્મમાં ૨૦ સેકન્ડનાં તમાકુ વિરોધી વિજ્ઞાપન દર્શાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

ઝારખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા કેબિનેટની ભલામણ

નવી દિલ્હી,તા. ૧૭

કેન્દ્રિય કેબિનેટે આજે ઝારખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરી હતી. આની સાથે જ રાજ્ય હવે રાષ્ટ્રપતિ શાસન તરફ આગળ વધી ગયું છે. ગયા સપ્તાહમાં અંજૂન મુન્ડા સરકારનુ પતન થયા બાદથી ઝારખંડમાં ભારે રાજકીય અસ્થિરતા પ્રવર્તી રહી છે. ગયા સપ્તાહમાં ભાજપના નેતૃત્વમાં ગઠબંધન સરકારનુ પતન થયા બાદથી સરકાર રચવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ તમામ પ્રયાસો કોંગ્રેસ, ઝારખંડ મુક્તિ મોરચા અને અન્યો દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા પરંતુ તેમાં સફળતા મળી ન હતી. ઝારખંડના રાજ્યપાલ સઈદ અહેમદ દ્વારા તૈયાર કરવામાં આવેલા ઝારખંડમાં રાજકીય સ્થિતી અંગેના અહેવાલના આધાર પર કેન્દ્રિય કેબિનેટે આ ભલામણ કરી છે. તેમના અહેવાલમાં રાજ્યપાલે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરી હતી.સાથે સાથે રાજ્ય વિધાનસભાને સુસુપ્ત અવસ્થામાં રાખવાની ભલામણ કરી હતી. મુખ્યપ્રધાન અર્જૂન મુન્ડાના રાજીનામા બાદ કેન્દ્રને મોકલેલા તેમના બીજા અહેવાલમાં આ ભલામણ કરવામાં આવી હતી. સરકારને તેનો ટેકો પાછો ખેંચી લીધા બાદ વિધાનસભાને ભંગ કરવાની ભલામણ મુન્ડા દ્વારા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૦માં ઝારખંડની રચના કરવામાં આવી હતી. ત્યારબાદથી બે વખત રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની ફરજ પડી છે. વર્તમાન રાજકીય કટોકટી આઠમી જાન્યુઆરીના દિવસે ઉભી થઈ હતી. એ વખતે ભાજપના સાથી પક્ષ જેએમએમ દ્વારા ટેકો પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. જેથી ૨૮ મહિના જુની સરકાર લઘુમતિમાં આવી ગઈ હતી. ૮૨ સભ્યોની વિધાનસભામાં ભાજપ અને જેએમએમ ૧૮-૧૮ સભ્યો ધરાવે છે. મુન્ડા સરકારને ઓલ ઝારખંડ સ્ટુડન્ટ યુનિયનના છ સભ્યો અને બે અપક્ષ સભ્યોનો પણ ટેકો હતો.

મોબાઈલ ટાવર રેડિએશનથી કેન્સરનો ખતરો વધી ગયો છે

મુંબઈ,તા. ૧૭

દેશના મોટા શહેરોમાં મોબાઈલ ટાવરની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ ટાવરોના કારૅણે કેન્સર સહિત જુદા જુદા રોગના કેસોમાં વધારો થઈ રહ્યો છે. ચમકી રહેલી લાઈફ પર હવે નવો ખતરો તોળાઈ રહ્યો છે. મોબાઈલ ફોનના ટાવરોમાંથી નિખવતા રેડિએશનના કારણે નવો ખતરો ઉભો થઈ રહ્યો છે. વૈજ્ઞાનિકોએ નવા અભ્યાસમાં દાવો કર્યો છે કે મુંબઈ સહિત મોટા શહેરોમાં રેડિએશનનું પ્રમાણ સતત વધી રહ્યું છે. આના કારમે કેન્સર અને તેના જેવી અનેક મોટી બિમારીઓનુ સંકટ તોળાઈ રહ્યું છે. અ અહેવાલની મુંબઈ હાઈકોર્ટે પણ ગંભીર નોંધ લીધી છે. તાજેતરમાં જ મોબાઈલ ટાવરોના કારણે નિકળતા રેડિએશન અને તેનાથી થતી બિમારીઓના ખતરા અંગે જાણવા માટે વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતોની ટીમ એકત્રિત થઈ હતી. ૨૯ વૈજ્ઞાનિકો અને આરોગ્ય નિષ્ણાંતોની ટીમે અભ્યાસની કામગારી હાથ ધરી હતી. અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે રેડિએશનના કારણે ભારે નુકસાન શરીરને થાય છે. રેડિએશન નિષ્ણાંત તબીબ નેહા કુમારે કહ્યું છે કે રેડિશનના કારણે સ્લિપિંગ ડીસઓર્ડર, ફર્ટિલિટી ડિસઓર્ડર, માઈગ્રેન અને કેન્સર જેવા રોગનો ખતરો રહેલો છે. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે સગર્ભા મહિલાઓ, બાળકો અને વૃદ્ધ લોકોને પણ તેની અસર થાય છે. આ તમામને વધારે અસર થાય છે. હકીકતમાં મોબાઈલ ટાવરના કારણે નિકળતા ખતરાને ધ્યાનમાં લઈને ૨૯ વૈજ્ઞાનિકની ટીમ બનાવવામાં આવી હતી. આ ટીમની કામગારી મોબાઈલ ટાવરના કારણે નિકળતા રેડિએશનના અસરને જાણવાની હતી. દેશમાં ક્યાં ક્યા વધારે અસર થઈ રહી છે તે બાબત જાણવાની હતી. જે લોકો આની અસર હેઠળ આવી રહ્યા છે તે લોકો તરફ પણ ધ્યાન આપવામાં આવ્યું હતું. મુંબઈમાં મોબાઈલ ટાવરોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. મુંબઈમાં વર્ષ ૨૦૧૦ સુધી મોબાઈલ ટાવરોની સંખ્યા ૫૦૦૦ હતી જે વધીને વર્ષ ૨૦૧૩ની શરૂઆત સુધી ૧૦ હજાર સુધી પહોંતી ગઈ છે. વર્ષ ૨૦૧૦ની સરખામણીમાં રેડિએશનના સ્તરમાં ૩૩ ટકાનો વધારો થયો છે. પેડર રોડ, અંધેરી, પવઈ, બાન્દ્રા, ચેમ્બુર, બોરિવલ્લી અને કાંદિવલીમાં મોબાઈલ ટાવરોની સંખ્યા વધારે જોવા મળે છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આ ખતરો ખુબ મોટો છે. તેને ગંભીરતાથી લેવાની જરૂર છે.

હવામાને કરવટ બદલી રાજધાની દિલ્હીમાં માવઠું

નવી દિલ્હી, તા. ૧૭

હવામાને વધુ એક વાર કરવટ બદલી છે. આજે સવારથી દિલ્હીના ઘણા સ્થળોએ કમોસમી વરસાદ પડ્યો હતો. એનસીઆરમાં ક્યાંક તડકો તો ક્યાંક વરસાદનું વાતાવરણ રહ્યું હતું.

ઉત્તર દિલ્હીમાં શક્તિ બિહાર, ગુલાબી બાગ, અશોક વિહાર, સરાએસ હિલ્લા અને શાસ્ત્રી-નગર તરફ સવારના પાંચ વાગે જોરદાર વરસાદ પડ્યો હતો. ગાઝિયાબાદમાં બપોરે ૧૧ વાગે વરસાદ પડ્યો હતો. નોઈડામાં કેટલાક વિસ્તારમાં વાદળો છવાયા હતા. પરંતુ વરસાદ પડ્યો ન હતો. માવઠા બાદ ઠંડી વધવાથી હવામાન ખાતાની આગાહી રહી છે.

હિમાચલ પ્રદેશમાં આજે સવારથી બરફ અને વરસાદ પડી રહ્યો છે. રાજધાનીમાં સવારે હળવો બરફ પડ્યા બાદ ઉપરી વિસ્તારો સાથે સંપર્ક તૂટી ગયો હતો. પર્યટન સ્થલ કુફરી અને નારકુંડામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયો હતો. મધ્યમ અને વધારે ઊંચાઈએ આવેલા સ્થળોએ બરફ અને નીચેના વિસ્તારોમાં સતત વરસાદ પડી રહ્યો હોવાથી સમગ્ર પ્રદેશ કડકડતી ઠંડીની લપેટમાં આવી ગયો છે.

ભારતમાં પણ ડ્રીમલાઈનર વિમાનોના ઉડાણ ઉપર બ્રેક

નવી દિલ્હી,તા. ૧૭

એર ઈન્ડિયાએ પણ એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને ભારતમાં ડ્રીમલાઈનર વિમાનના ઉડાણ પર પ્રતિબંધ મુકી દીધો છે. જાપાન અને અમેરિકા બાદ ભારત પર ડ્રીમલાઈનર વિમાનના ઉડાણ પર બ્રેક મુકનાર દેશની યાદીમાં સામેલ થઈ ગયું છે. ભારતમાં સુરક્ષાના કારણોસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતમાં હાલના સમયમાં છ ડ્રીમલાઈનર વિમાન છે. એર ઈન્ડિયાએ કંપનીને ૨૭ વિમાનોનો ઓર્ડર આપેલો છે. જાપાનમાં બુધવારના દિવસે વિમાનમાં એકાએક ધુમાડા નિકળ્યા હતા. ત્યારબાદ આ વિમાનને જાપાનમાં તાકીદે ઉતરાણ કરવાની ફરજ પડી હતી. સુરક્ષાના કારણોસર અમેરિકા અને જાપાને તાકીકે તેના ઉડાણ પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય કર્યો હતો. બોઈંગ કંપનીને મોટો ફટકો પડ્યો છે. યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન દ્વારા સુરક્ષાના કારણોસર તમામ બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરોની ઉડાણ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. અમેરિકાએ નિર્ણય કર્યા બાદ એર ઈન્ડિયાએ પણ તરત નિર્ણય કર્યો હતો. એર ઈન્ડિયાના ચીફ રોહિત નંદને કહ્યું હતું કે એફએએના આદેશની સાથે આગળ વધીને અમે પણ ડ્રીમલાઈનરની સેવા કામચલાઉ રીતે બંધ કરી દીધી છે. આ વિમાન એ જ જગ્યાએ રહેશે જંયાં તે હાલમાં પાર્ક છે. છ ડ્રીમલાઈનરો પૈકી બે ભારતમાં છે. જે પૈકી એક ચેન્નાઈ અને અન્ય એક બેંગલોરમાં છે. જ્યારે ચાર અન્ય વિદેશી દેશોથી દિલ્હીમાં છે.જ્યાં સુધી વધુ આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી આ વિમાનો જે શહેરોમાં છે તે જ શહેરોમાં રહેશે. નંદને કહ્યું હતું કે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે. બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર માટે બુકિંગ કરાવી ચુકેલા યાત્રીઓ માટે અન્ય વ્યવસ્થા કરવામાં આવી રહી છે. નવા વિમાન માટે દિલ્હી એર ઈન્ડિયામના હબ તરીકે છે. ચેન્નાઈ અને બેંગલોર રૂટ પર હાલ તેની સેવા લેવામાં આવી રહી હતી. જ્યારે દુબઈ, પેરિસ અને ફ્રેન્કફુર્ટ રૂચ પર પણ આ વિમાનો મુકવામાં આવ્યા હતા. એર ઈન્ડિયા હાલમાં છ બોઈંગ ડ્રીમલાઈનર ધરાવે છે. એર ઈન્ડિયાને વધુ ડ્રીમલાઈ